નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાની
સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩)ની જગ્યાઓની
રીવાઈઝ કેડર સ્ટ્રેન્થ બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: મકમ/૧૧૨૦૨૦/૨૯૧૧૧૭/અ
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૫/૨૦૨૧

20 MAY 2021

<u>વંચાણે લીધા:-</u>

(૧) સા.વ.વિ.ના તા.૩/૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ આરએસકે/૧૦૨૦૧૪/૨૩૦૦(૨૧)/આર.
(૨) સા.ન્યા.અને અ.વિ.ના તા.૨૮/૦૭/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/૭૮૧૪૯૭/અ
(૩) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાના તા.૨૦/૧૧/૨૦૨૦ના પત્ર ક્રમાંકઃ વિજાક/મકમ/૨૦૨૦-૨૧/૫૩૫૩

<u>આમુખ:-</u>

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની જગ્યાઓની ભરતી કરવા સારૂ વિવિધ સંવર્ગોની જગ્યાઓની સમીક્ષા કરી ઉકત ધ્વારા વંચાણે લીધા ક: (૧) હેઠળના સા.વ.વિના તા.૩/૨/૨૦૧૪ના ઠરાવથી ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર બહાર પાડવામાં આવેલ છે. સદરહુ ભરતી કેલેન્ડરમાં નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની હેડ કલાર્ક (વર્ગ-૩), એકાઉન્ટન્ટ (વર્ગ-૩), અને મદદનીશ આશ્રમ શાળા અધિકારી(વર્ગ-૩)ની તમામ જગ્યાઓને સમાજ કલ્યાણ નિરીક્ષક(વર્ગ-૩) ની જગ્યામાં મર્જ કરી સમાજ કલ્યાણ નિરીક્ષક સંવર્ગનું સંવર્ગબળ ૧૮૫ નક્કી કરવામાં આવેલ છે.

ઉકત વંચાણે લીધેલા ક: (૨) હેઠળના આ વિભાગના તા.૨૮/૦૭/૨૦૧૪ના ઠરાવથી થી એકાઉન્ટન્ટ સંવર્ગની (સમાજ કલ્યાણ નિરીક્ષક સમકક્ષ સંવર્ગ) ૦૯ જગાઓ રદ કરીને મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી સંવર્ગની નવી ૧૦ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે. પરિણામે સમાજ કલ્યાણ નિરીક્ષક સંવર્ગની કુલ ૧૮૫ના સંવર્ગબળમાંથી ૦૯ જગ્યાઓનો ઘટાડો કરવાનો રહે છે. જે માટે ઉકત વંચાણે લીધેલા ક: (૩) હેઠળના તા.૨૦/૧૧/૨૦૨૦ના પત્રથી નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાએ દરખાસ્ત કરેલ હતી, જે સરકારની વિચારણા હેઠળ હતી.જેના પર પુખ્ત વિચારણાનેઅંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## -:ઠરાવ:-

સમાજ કલ્યાણ નિરીક્ષક (વિ.જા), વર્ગ-૩ ની મંજુર થયેલ ૧૮૫ સંવર્ગ બળમાંથી ૯ (નવ) જગ્યાઓનો ઘટાડો કરી સમાજ કલ્યાણ નિરીક્ષક (વિ.જા), વર્ગ-૩ નું કુલ સંવર્ગ બળ ૧૭૬ કરવાનું આથી

ઠરાવવામાં આવે છે. આ સંવર્ગના તા.૨૪/૦૩/૨૦૧૪ના ભરતી નિયમોમાં નકકી થયેલ સીધી ભરતી : બઢતીના રેશિયો ૩:૧ મુજબ, ૧૩૨ જગ્યા સીધી ભરતીથી અને ૪૪ જગ્યા બઢતીથી ભરવાની રહેશે..

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૫/૦૫/૨૦૨૧ની નોધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય,ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી ('ઝ.૧' શાખા), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ( વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ)
- શાખા સિલેકટ ફાઇલ.